॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

દક્ષિણ વિભાગ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના સનાતન ધર્મ માર્તણ્ડ
**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** શુભ આશીર્વાદ સહ
**આજ્ઞાથી** પ્રકાશિત

**ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે લખાવેલ**

# દેશ વિભાગનો લેખ


**: લેખક :**

**સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી**



**॥ પ્રસિદ્ધ કર્તા ॥**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી

**કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

# દેશ વિભાગનો લેખ : વિષે થોડું જાણીએ...

દેશવિભાગનો લેખ એટલે જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જીવાત્માઓના આત્યંતિક કલ્યાણને માટે પોતે બતાવેલા મંદિરો તથા તેમાં સ્થાપિત કરેલા દેવો અર્થાત્ પોતાના સ્વરૂપોની સેવા પોતાના આશ્રિત ભક્તજનો પોતપોતાના સ્વધર્મમાં રહીને કાયમને માટે यावच्चंद्रदिवाकरौ કરતા રહે એવા હેતુથી પોતાના સ્થાપિત મંદિરો તથા ભવિષ્યમાં થાય તેવા મંદિરો આદિકની સુરક્ષા માટે તેમજ ભક્તિમાર્ગની પુષ્ટિ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ.જી. ૪/૪૦માં કહ્યા મુજબ વડતાલને વિષે વિ.સં. ૧૮૮૨ કારતક સુદ - ૧૧ના રોજ પોતાના બંને ભાઈઓના એક એક પુત્રને દત્તવિધાનથી પુત્રપણે સ્વીકારીને પોતાની એક ગાદીના ઉત્તર-દક્ષિણ એવા ભારત દેશના બે વિભાગમાં આવેલા ઉત્તર વિભાગ - શ્રી નરનારાયણ દેવ દેશ - અમદાવાદ અને દક્ષિણ વિભાગ એટલે શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ - વડતાલ આ પ્રમાણે તેમની સીમાઓના પ્રદેશો નક્કી કરીને વિભાગપૂર્વક પોતાના સ્થાને સ્થાપન કરેલા ધર્મવંશના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી તથા આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પૂર્વોક્ત બંને દેશમાં આવેલા મંદિરો આદિક અર્પણ કર્યા.

આ સાથે તે બંને દેશના વિભાગની સીમાઓને સૂચવતા મધ્યરેખામાં આવતા ગામોના નિર્દેશપૂર્વક બંને આચાર્યોને પોતપોતાનાં વિભાગના અધિકારનો ખ્યાલ આપી તેમને બંનેને પરસ્પર વર્તવાની રીતિ કહેલી, તથા પોતાના આશ્રિત એવા ત્યાગી ગૃહસ્થ વગેરેને પણ જે પ્રકારે શ્રીજી મહારાજે સ્વસ્થાપિત બંને આચાર્યશ્રીઓનો અનન્યાશ્રય રાખી પોતપોતાના ધર્મમાં રહીને તેમની સેવા કેવી રીતે તન-મન-ધનાદિકથી કરવી તે વિષે ભલામણ કરેલી, તથા આ બંને આચાર્યશ્રીઓએ પોતાના ધર્મવંશમાંથી જ પોતાના ઉત્તરાધિકારી તરીકે કેવા પુત્રની સ્થાપના કરવી વગેરે બાબતનો ઉપદેશ બંને આચાર્યશ્રીઓને કરેલો હતો.

ત્યાર પછી બીજા જ વર્ષે સં. ૧૮૮૩ના માગશર સુદિ - ૧૫ને દિવસે ગઢડામાં બિરાજીને શ્રીજી મહારાજે પૂર્વોક્ત ઉપદેશ પણ કરેલા અર્થની બે પત્રિકાઓ શુકાનંદ મુનિ પાસે વિસ્તારપૂર્વક લખાવીને તથા તેમાં બંને આચાર્યોની સાખ્ય - પરસ્પર હસ્તાક્ષરની સહી કરાવીને તથા સંપ્રદાયના અગ્રગણ્ય ત્યાગી સંતો, બ્રહ્મચારીઓ તથા ગૃહસ્થ આશ્રિતોની પણ મતુ-સાંખ્ય અર્થાત્ હસ્તાક્ષરની સહી કરાવીને તે પ્રમાણે વર્તવા-વર્તાવવાનો કાગળ આ 'દેશવિભાગનો લેખ' બંને આચાર્યશ્રીઓને આપેલો તે લેખ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં લખાવેલું પોતાના સંપ્રદાયનું બંધારણ હોવાથી ભક્તજનોને અતિ ઉપયોગી જાણીને અહીં શબ્દશઃ રજૂ કર્યો છે. આવા જ હેતુથી સદ્. ગોપાળાનંદ સ્વામીએ આ દેશવિભાગના લેખને અનુસરતા અર્થનો પત્ર સં. ૧૮૮૮ના ફાગણ વદી- ૩ને દિવસે શુકાનંદ મુનિ દ્વારા લખાવીને - સાધુ, બ્રહ્મચારી, પાળા તથા સત્સંગી સમસ્ત પ્રત્યે મોકલાવેલો અને તેમાં આજ્ઞા કરેલી હતી કે આ પત્રને જ્યાં સુધી પુરેપુરો ન સમજાય ત્યાં સુધી દિવસમાં એકવાર દરરોજ વાંચવો. (પાઠ કરવો.)

શ્રીહરિના આશ્રિતોને આ પત્રની પોતાના જીવનમાં દઢતા નિરંતર થતી રહે તેવા હેતુથી સ્વયં શ્રીજી મહારાજે પોતાના જમણા હાથતુલ્ય શુકાનંદ સ્વામી પાસે લખાવેલો આ 'દેશવિભાગનો લેખ' દરરોજ થોડો થોડો પણ વાંચવાથી તેની આજ્ઞાનું અનુસંધાન રાખવું સરળ બને છે. તે માટે અહીં આ લેખને પેરેગ્રાફ સહિત તેમજ ક્રમાંક સહિત (મૂળ લેખમાં ક્રમાંક ન હોવા છતાં સરળતાથી સમજાય તેવા હેતુથી જ પેરેગ્રાફાદિ સહિત) અક્ષરશઃ અહીં રજૂ કરેલો છે.

# ॥ શ્રી ભક્તિધર્માત્મજ 'શ્રીકૃષ્ણ નારાયણ' ॥

૧. લિખાવિતં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ. વ. પાંડે અયોધ્યાપ્રસાદ રામપ્રતાપ તથા પાંડે રઘુવીર ઈચ્છારામ.

૨. જત તમો બે ભાઈએ અમો દત્તપુત્ર કરીને અમારા સત્સંગી સર્વેના આચાર્ય સ્થાપ્યા છે.

૩. ને અમારાં મંદિર શ્રીનરનારાયણનાં તથા શ્રીલક્ષ્મીનારાયણનાં તથા શ્રીરાધાકૃષ્ણ આદિકનાં તથા સત્સંગીમાં જે ધર્માદાની પેદાશ તે તમો બે ભાઈને આપી છે ને તેની તમો બે ભાઈને વેંચણ કરી આપી છે.

૪. તેની વિગત્ય સીમાડાનાં ગામ લિખ્યાં છે. પૂર્વ દિશાને વિશે : ૧. શ્રી કલકત્તા, ૨. શ્રી કાશી, ૩. શ્રી ઉજ્જેણ, ૪. શ્રી ખાચરોદ, ૫. શ્રી રતલામ, ૬. શ્રી પેટલાવાદ, ૭. શ્રી દેવદ, ૮. શ્રી ગોધરા, ૯. શ્રી ડાકોરજી, ૧૦. મોજે સઈયત, ૧૧. મોજે બોરડિ, ૧૨. મોજે અલેણા ૧૩. મોજે કડી, ૧૪. મોજે ખડોલ, ૧૫. મોજે સાસતાપર, ૧૬. મોજે મહુધા, ૧૭. મોજે ઘુમજ, ૧૮. મોજે શુંઝ, ૧૯. મોજે કેસરું, ૨૦. મોજે વાંઠવાણી, ૨૧. મોજે અરેરિ, ૨૨. મોજે ખાતરજ, ૨૩. શ્રી મેમદાવાદ મોટું, ૨૪. મોજે છાપરા, ૨૫. શ્રી ખેડા, ૨૬. મોજે કોશિયા, ૨૭. મોજે પિપલી, ૨૮. મોજે મેલજ, ૨૯. મોજે બરોડા, ૩૦. મોજે વઉઠા, ૩૧. મોજે વિરપર, ૩૨. મોજે પીસાવાડું, ૩૩. મોજે કૌકું, ૩૪. મોજે ધોલિ, ૩૫. મોજે ભુંભલી, ૩૬. મોજે વેજલકું, ૩૭. મોજે સરઘવાળું, ૩૮. મોજે ધનાલું, ૩૯. મોજે ફેદરા, ૪૦. મોજે ખડોલ, ૪૧. શ્રી ધંધુકું, ૪૨. મોજે કોટડું, ૪૩. મોજે ગુંજાર, ૪૪. મોજે મોરસિયું, ૪૫. મોજે વાગડ, ૪૬. મોજે દેવલિયું, ૪૭. મોજે નાગનેસ, ૪૮. મોજે વાણિયાવદર, ૪૯. મોજે કરમડ, ૫૦. મોજે મિણાપર, ૫૧. મોજે ચાસકા, ૫૨. મોજે કુંડલા, ૫૩. મોજે ભાણેજડું, ૫૪. મોજે કોરડા, ૫૫. મોજે સુદામડા, ૫૬. મોજે સેજકપર, ૫૭. મોજે ચોટીલા, ૫૮. મોજે બામણબોર, ૫૯. મોજે કવાડવું, ૬૦. શ્રી રાજકોટ, ૬૧. મોજે રૈયા, ૬૨. મોજે વાજડી, ૬૩. મોજે ઢોકલીયું, ૬૪. મોજે સરપદડ, ૬૫. મોજે ઝીલરિયું, ૬૬. મોજે વિસામણ, ૬૭. મોજે ડાંગરા, ૬૮. મોજે જાળીયું દેવાણિનું, ૬૯. મોજે તમાસિરોણ, ૭૦. મોજે વણથલી વાણિયાની, ૭૧. મોજે ચાવડા, ૭૨. મોજે અલૈયા, ૭૩. મોજે ખિમરાણું, ૭૪. શ્રીનવાનગર આદિક પશ્ચિમ દિશાને વિશે ને પૂર્વ દિશાને વિશે શ્રી કલકત્તા પર્યંત સિમાડાનાં ગામ લિખ્યા છે, તે સર્વે શુભસ્થાન શ્રીવડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ તેની હદમાં છે. તથા એ સિમાડાનાં ગામની પધોરના રસ્તાનાં ગામ લિખ્યા વિનાનાં છે તે તથા એ સિમાડાનાં ગામથી દક્ષિણ દિશાની કોરનો દેશ સર્વે છે તે તથા શ્રી નવાનગરની ખાડીથી દક્ષિણ દિશાની કોરે, ૭૫. મોજે ખંભાલિયું તથા ૭૬. શ્રી બેટ આદિક દેશ છે તે સર્વે, શ્રી લક્ષ્મીનારાયણની હદમાં છે.

૫. તે સર્વે દેશના સત્સંગી સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ, અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માણેક, મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જે આવે તે તથા ધરતી, વાડી, તૃણ, તરુ આદિકની જે પેદાશ આવે તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે ને શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડીઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે, તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે.

૬. ને સિમાડાનાં ગામ શ્રીકલકત્તા તથા નવાનગર પર્યંત લિખ્યા છે તેથી ઉત્તર દિશાની કોરનો દેશ સર્વે છે. તે શુભસ્થાન શહેર અમદાવાદવાસી શ્રીનરનારાયણ તેની હદમાં છે. તથા શ્રીનવાનગરની ખાડી ઉતાર ઉત્તર

દિશાની કોરે શ્રીમાંડવી બંદર તથા શ્રીલખપત બંદર આદિક દેશ સર્વે છે તે શ્રીનરનારાયણની હદમાં છે.

૭. ને સર્વે દેશના સત્સંગી સમસ્તની તથા કુસંગી સમસ્તની ધર્માદાની પેદાશ, અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર, પશુ તથા વાહન તથા માણેક, મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જે આવે તે તથા ધરતી, વાડી, તૃણ, તરુ આદિકની જે પેદાશ આવે તે સર્વે શ્રીનરનારાયણની છે ને શ્રીનરનારાયણના દેશ હમણાં જે મંદિર તથા મેડીઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી નરનારાયણની છે, તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે સર્વે શ્રીનરનારાયણની છે.

૮. (૧) એવી રીત્યે દેશવિભાગે સહિત મંદિરોની વેંહચણ કરીને ચીઠ્ઠીયું બે પાનાની નાંખીયું. (૨) તેમાં શ્રીનરનારાયણનાં મંદિરની ચીઠ્ઠી પાંડે અયોધ્યાપ્રસાદને ભાગે આવી છે, તે શ્રીનરનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યાં પ્રમાણે આવે તે પાંડે અયોધ્યાપ્રસાદની છે. (૩) શ્રીલક્ષ્મીનારાયણના મંદિરની ચિઠ્ઠી પાંડે રઘુવીરને ભાગે આવી છે. તે શ્રીલક્ષ્મીનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યાં પ્રમાણે આવે તે પાંડે રઘુવીરની છે.

૯. ને સત્સંગીમાં તથા કુસંગીમાં ધર્માદાની ઉઘરાત કરવા જાય તે પોતપોતાની હદમાં જાય પણ કોઈ કોઈની હદમાં જાય નહિ.

૧૦. ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેવો હોય તો બેય આચાર્યને પોતે પોતાના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો ને કંઠી બાંધવી,પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો નહીં ને કંઠી બાંધવી નહિ.

૧૧. ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેઈને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોળા લુગડાંવાળા પાળા થાવું હોય તો પોત પોતાના દેશના મનુષ્યને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોળા લુગડાંવાળા પાળા કરવાને તેની જે મિલકત ઘર હોય તે તથા જમીન, વાડી તથા આંબા આદિક વૃક્ષ હોય તે લેવું, પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા કરવા નહિ ને તેની મિલકત ઘર તથા જમીન વાડી વૃક્ષ આદિક કાંઈ લેવું નહિ, એમ અમારી આજ્ઞા છે.

૧૨. ને અમે તમોને મંદિરો આદિક જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા, તે કોઈ કાળે દર દાવો કરશે નહિ.

૧૩. ને અમારી શિક્ષાપત્રી પ્રમાણે તમો રહેજ્યો.

૧૪. ને એ સર્વે પણ શિક્ષાપત્રી પ્રમાણે પોતપોતાના ધર્મમાં રહી તમારી સેવા કરશે ને સરકાર, દરબાર આદિક કોઈના વાંક તળે આવે એવું અજોગ્ય કામ કોઈ કાળે કરશે નહિ. તેમ ગમે તેવો આપતકાળ પડશે તો સત્સંગીમાં ભીખ માંગી ખાશે, પણ આચાર્યને માથે આવે એવું કોઈનું કરજ કરશે નહિ, ને કોઈ જાણે અજાણે કરશે તો કરનાર ભોગવશે, એમ અમારી આજ્ઞા છે.

૧૫. ને સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા એ સમસ્તના તથા સત્સંગી સમસ્તના તમો બેય ગાદીવાળાને આચાર્ય સ્થાપ્યા છે તે સર્વે નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે.

૧૬.(૧) ને શ્રીધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય, શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો ને મન, કર્મ,

વચને આજ્ઞામાં રહેજ્યો. (૨) ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાળે સુખ થાશે નહિ. ને અતિ કષ્ટને પામશે.

૧૭. (૧). ને કોઈ હરિભક્ત, શ્રીલક્ષ્મીનારાયણના દેશમાં રહેતો હોય, ને તેણે મંત્ર ઉપદેશ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યના ચોપડામાં લિખાવેલ હોય, તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રીનરનારાયણના દેશમાં ઉચાલો લેઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરુ માનવાં, પણ તેનો કશો દોષ ધારવો નહિ, જે પ્રથમ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને ગુરુ કરી મંત્ર ઉપદેશ લીધો છે ને હવે શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને ગુરુ માની દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું આપું એવો સંશય રાખવો નહિ; શા માટે જે એવી અમારી આજ્ઞા છે. (૨) ને પ્રથમ જે કાંઈ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમીન, વાડી, મેડી, મંદિર, ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહિ, કેમ જે તે શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલું છે માટે તે આચાર્યને જ રહે, પણ તેની ફેરવણી થાય નહિ.

૧૮. (૧) તે જ પ્રમાણે, કોઈ હરિભક્ત શ્રીનરનારાયણના દેશમાં રહેતો હોય, ને તેણે મંત્ર ઉપદેશ શ્રીનરનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ તે આચાર્યના ચોપડામાં લિખાવેલ હોય, તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય તે શ્રીલક્ષ્મીનારાયણના દેશમાં ઉચાલો લેઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરુ માનવાં, પણ તેનો કશો દોષ ધારવો નહિ, જે પ્રથમ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને ગુરુ કરી મંત્ર ઉપદેશ લીધો છે ને હવે શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને ગુરુ માની દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું આપું એવો સંશય રાખવો નહિ, શા માટે જે એવી અમારી આજ્ઞા છે. (૨) ને પ્રથમ જે કાંઈ શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમીન, વાડી, મેડી, મંદિર, ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહિ, કેમ જે તે શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલું છે માટે તે આચાર્યને જ રહે, પણ તેની ફેરવણી થાય નહિ, એવી રીત્યે અમારી આજ્ઞા છે.

૧૯. ને કોઈ ગરાસિયાને બેય દેશમાં ગામ, જમીન, વાડી હોય, ને કોઈ વેપારીને બેય દેશમાં દુકાનું હોય, ને કોઈ ખેડુને બેય દેશમાં ખેડ હોય, ને તેને દશોંદ વિશોંદ દેવી પડે તે જે આચાર્યના દેશમાં જે ગામ, જમીન, વાડીની કમાણી આવે તથા જે વેપારની કમાણી આવે તથા જે ખેડની કમાણી આવે તે આચાર્યને તેના દેશની કમાણીની દશોંદ વિશોંદ દેવી, તેમાં ફેર પાડવો નહિ, એમ અમારી આજ્ઞા છે.

૨૦. (૧) ને શ્રીલક્ષ્મીનારાયણની હદમાં કોઈ રાજા તથા વેપારી તથા ખેડુ આદિકની રેણાક હોય ને તે સત્સંગી હોય અથવા કુસંગી હોય ને તેને શ્રીનરનારાયણ આદિક દેવની આગળ્ય ભેટ મુકવાની અથવા માનતા અર્થે મુકવાની અભિલાષા હોય, તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ, વાહન તથા વસ્ત્ર તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે, તેનો કોઈ બાધ નથી. પણ શ્રીલક્ષ્મીનારાયણની હદમાં જે ગામ તથા જમીન વાડી તથા મેડી મંદિર ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ, ફેરવી ફરે નહિ તેવું કાંઈ આપવું નહિ. (૨) ને જો કદાચિત આપે તો શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને રાખવું નહીં

ને આપનારને કેવું જે તમારે આપવાનું જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારા દેશમાં તમારું હોય તો આપો અથવા અમારી હદમાં વેચાતું લઈ આપો તો અમોથી લેવાશે, એમ કરતાં કાંઈ સ્થાવર વસ્તુ શ્રીલક્ષ્મીનારાયણની હદનું જોરાવરી આપે તો શ્રીનરનારાયણને અર્થે રાખવું નહિ, ને પોતાને જાણે તત્કાળ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું.

૨૧. (૧) તે જ પ્રમાણે, શ્રીનરનારાયણની હદમાં કોઈ રાજા તથા વેપારી તથા ખેડુ આદિકની રેણાક હોય ને તે સત્સંગી હોય અથવા કુસંગી હોય ને તેને શ્રીનરનારાયણ આદિક દેવની આગળ્ય ભેટ મુકવાની અથવા માનતા અર્થે મુકવાની અભિલાષા હોય, તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ, વાહન તથા વસ્ત્ર તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે, તેનો બાધ નથી. પણ શ્રીનરનારાયણની હદમાં જે ગામ તથા જમીન વાડી તથા મેડી મંદિર ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ ફેરવી ફરે નહિ તેવું કાંઈ આપવું નહિ. (૨) ને જો કદાચિત આપે તો શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને રાખવું નહિ ને આપનારને કેવું જે તમારે આપવાનું જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારા દેશમાં તમારું હોય તો આપો અથવા અમારી હદમાં વેચાતું લઈ આપો તો અમોથી લેવાશે, એમ કરતાં કાંઈ સ્થાવર વસ્તુ શ્રીનરનારાયણની હદનું જોરાવરી આપે તો શ્રીલક્ષ્મીનારાયણને અર્થે રાખવું નહિ, ને પોતાને જાણે તત્કાળ શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું, એમ અમારી આજ્ઞા છે. તેમાં કોઈ કાળે ફેર પાડવો નહિ.

૨૨. ને શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને શ્રીનરનારાયણની હદના સત્સંગી તથા કુસંગી જમાડે તો જમવું, તેનો બાધ નથી. પણ કાંઈ દક્ષણા તથા ગામ, જમીન, વાડી તથા અન્ન, દ્રવ્ય, વસ્ત્ર તથા પશુ, વાહન તથા માણેક મોતી તથા કંકર પથ્થર, ઝવેર તથા મેડી, ઘર આદિક આંબા આદિક તથા વૃક્ષ જે કાંઈ ભેટ મુકે અથવા માનતાને અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાતું આપે અથવા ઘરેણે આપે, હરેક બાનાને મશે આપે તો કાંઈ લેવું નહિ, ને કોઈ જોરાવરી મોહબતથી આપે ને અવશ્ય લેવું પડે તો પોતાને કાંઈ રાખવું નહિ, પોતાને જાણે તત્કાળ શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું.

૨૩. તે જ પ્રમાણે, શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને શ્રીલક્ષ્મીનારાયણની હદના સત્સંગી તથા કુસંગી જમાડે તો જમવું, તેનો બાધ નથી. પણ કાંઈ દક્ષણા તથા ગામ, જમીન વાડી તથા અન્ન, દ્રવ્ય, વસ્ત્ર તથા પશુ, વાહન તથા માણેક મોતી તથા કંકર પથ્થર, ઝવેર તથા મેડી, ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ ભેટ મુકે અથવા માનતાને અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાતું આપે અથવા ઘરેણે આપે, હરેક બાનાને મશે આપે તો કાંઈ લેવું નહિ, ને કોઈ જોરાવરી મોહબતથી આપે ને અવશ્ય લેવું પડે તો પોતાને કાંઈ રાખવું નહિ, પોતાને જાણે તત્કાળ શ્રીલક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું, એમ અમારી આજ્ઞા છે.

૨૪.ને કોઈ હરિભક્ત, ઉચાલા વિના બીજા દેશમાં કમાણી અર્થે રોજગાર કરવા જાય તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે જેના દેશમાં બાયડી છોકરા સહિત ઉચાલો હોય તે દેશના આચાર્યને દેવું, એમ અમારી આજ્ઞા છે.

૨૫. ને તમારી વતનમાં સરવાર દેશને વિશે તમો બેય ગાદીના આચાર્યનાં સગા સંબંધી છે તથા તેના આશ્રિત જે મનુષ્ય હોય તે બેય ગાદીના આચાર્યમાં જેને જે સાનુકુળ આવે તેની પાસે મંત્ર ઉપદેશ લેઈ સેવક થાય ને ગુરુ માને ને પોતાની મરજીમાં આવે તે તેને આપે તેનો બાધ નથી.

૨૬. ને બેય ગાદીના આચાર્યની એ જુની વતન છે તે સારું તમારે પોતાની જમીન, વાડી તથા મેડી, ઘર, ગામ આદિક જે હમણા છે તથા વેચાતું અથવા ઘરેણે રાખવું પડે તે પોત પોતને જાણે પોત પોતાનું રાખજો તેનો બાધ નથી.

૨૭. ને તમારાં સગા સંબંધી ને તેના આશ્રિત મનુષ્ય તે વિના હર કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લઈ સેવક થવું હોય, તે શ્રીનરનારાયણની ગાદીના આચાર્ય પાસે થાવું ને તેને ગુરુને નાતે ગામ, જમીન, વાડી તથા મેડી, ઘર તથા અન્ન, દ્રવ્ય, વસ્ત્ર તથા પશુ વાહન તથા માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર, આંબા આદિક વૃક્ષ જે કાંઈ આપવું હોય તે, શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને આપવું ને આચાર્યને તેજ પ્રમાણે લેવું એમ અમારી આજ્ઞા છે.

૨૮. ને આ લિખ્યું તમો બેય ગાદીના આચાર્યને રાજી રજાવંદ કરી અમે અમારી અક્કલ ખુશીથી જથાયોગ્ય વેંચી આપી લિખ્યું કર્યું છે, તેમાં તમારા સગા ભાઈ છે તે કોઈનો દરદાવો કશો નથી.

૨૯. ને તમારા સગાભાઈ કોઈ તમ પાસે આવે તેને ખરચ નિમિત્ત આપવું, તે ધર્મવાળા સાધુ તથા ધર્મવાળા સત્સંગીને પૂછવું ને તમારે પણ દલમાં ધારવું ને ઘટે તે પ્રમાણે દેવું.

૩૦. ને તમારી ગાદી ઉપર બેસારવો તે તમારો પુત્ર હોય અથવા શ્રીધર્મકુલનો બીજા તમારા ભાઈનો પુત્ર હોય, તે સર્વ પ્રકારે ધર્મમાં કુશળ રહે એવો હોય, ને સર્વ સાધુ તથા સર્વ બ્રહ્મચારી તથા સર્વ સત્સંગીને પોત પોતાના ધર્મમાં રખાવે એવો સમર્થ હોય, તેને ગાદી ઉપર બેસારવો, તે પણ ધર્મવાળા સાધુ તથા સત્સંગી, સત્સંગની વૃદ્ધિને ઈચ્છે એવા ને સર્વ પ્રકારે પ્રમાણિક હોય તેની મરજી લેવી, ને તમારી નજરમાં પણ આવે ને અમારા સંપ્રદાયના ગ્રંથમાં મલતું આવે એવો હોય તેને એક એક જણને ગાદી ઉપર બેસારવો. ને તેથી વધારે પુત્ર હોય ને તે ગાદીવાળા પાસે આવે તારે તેને ખર્ચ નિમિત્તે ઉપર લિખ્યા પ્રમાણે સાધુ તથા સત્સંગીની મરજી લેઈને દેવું, પણ તે ઉપરાંત કોઈનો કશો દરદાવો નથી, એમ અમારી આજ્ઞા છે.

૩૧. ને તમે બેય ગાદીના આચાર્યને પરસ્પર કોઈ લેણદેણ આદિક વ્યવહારમાં વાંધો પડે, ને તે સારું સામસામા જવાબ સવાલ કરવા પડે, અથવા તે વાંધો પાર પાર પાડવા પંચાત્ય કરવી પડે તો, જે સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા છે તેમને એ કજીયામાં નાખવા નહિ ને એમને પોતાને જાણે પણ એ કજીયામાં પડવું નહિ, કેમ જે એ વ્યવહારમાર્ગને વિષે એ ત્યાગી છે તે અમંગળરૂપ છે. તથા એ ત્યાગીને એવો વ્યવહાર માર્ગ તે અમંગળરૂપ છે. તે સારું એવો વાંધો પાર પાડવામાં, જવાબ સવાલ કરવા તથા પંચાત્ય કરવા શ્રીનરનારાયણની હદના બે ગૃહસ્થ તથા શ્રીલક્ષ્મીનારાયણની હદના બે ગૃહસ્થ બાઈડી છોકરાંવાળા, પ્રમાણિક, ધર્મનિષ્ઠ હોય તેને નાંખવા, તે કજીયો પાર પાડશે.

૩૨. ને કદાચિત બેય આચાર્યના ઘરની બાઈયુંને પરસ્પર કોઈ જાતનો કજીયો હોય તો તેમાં બોલવા તથા કજીયો ઉકેલવા, સાંખ્યજોગી વિધવા બાઈયુંને નાંખવી નહિ, કેમ જે વિધવા અમંગળરૂપ છે. ને બેય તરફથી સુવાસની બાઈયું, પ્રમાણિક ધર્મવાળીયું હોય તેને તે કજીયાની વાતમાં નાંખવી. તે સામસામાં જવાબ સવાલ કરશે ને કજીયો ઉકેલશે, એમ અમારી આજ્ઞા છે.

૩૩.આવી રીતે બેય આચાર્યને લિખ્યાં કરી આપ્યાં છે. ને જે જે રીત્યની આજ્ઞાઓ કરી છે તે પ્રમાણે જ બેય આચાર્યને સદૈવ નિરંતર ચાલવું ને ચલવવું પણ તેમાં કોઈ કાળે કોઈ રીત્યનો ફેર પાડવો નહિ, ફેર પાડે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરુદ્રોહી છે તે ધર્મવંશનો નથી.

૩૪. ને સર્વે સાધુ તથા સર્વે બ્રહ્મચારી તથા સર્વે પાળા તથા સર્વે સત્સંગીને અમારી આજ્ઞા છે જે, અમોએ આ લિખ્યાં કરી આપ્યાં છે તેમાં કોઈ કાળે ફેર પાડશે પડાવશે નહિ ને પોતાના આચાર્યની આજ્ઞામાં નિરંતર રહેશે ને બેય ગાદીના આચાર્યને પરસ્પર કલેશ થાવા દેશે નહિ. ને કોઈ અવળા સવળું બતાવી પરસ્પર કલેશ કજીયો કરાવશે ને અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરુદ્રોહી છે ને તે અમારો નથી ને તેને ચાંડાળતુલ્ય જાણવો.

૩૫. સં. ૧૮૮૩ના વર્ષે માર્ગશિર્ષ સુદિ ૧૫ને દિવસે શુભસ્થાન શ્રીગઢડા મધ્યે ખાચર દાદા એભલના દરબારમાં લિખ્યું છે. લેખક સાધુ શુકમુનિઃ ।। ।।શ્રીઃ।।

લિખિતં પાંડે અયોધ્યાપ્રસાદ ઉપર લિખ્યું તે સહી છે. (વડતાલ પ્રત)

લિખિતં પાંડે રઘુવીર ઉપર લિખ્યું તે સહી છે. (અમદાવાદ પ્રત)

અત્ર સાખ્ય : ૧ સાધુ મુક્તાનંદજીની સાખ્ય
૧ સાધુ નિત્યાનંદજીની સાખ્ય
૧ સાધુ આનંદાનંદજીની સાખ્ય
૧ સાધુ ગોપાળાનંદજીની સાખ્ય
૧ સાધુ બ્રહ્માનંદજીની સાખ્ય
૧ સાધુ મહાનુભાવાનંદજીની સાખ્ય
૧ બ્રહ્મચારી મુલજીની સાખ્ય
એ આદિક સાધુ સમસ્ત તથા
બ્રહ્મચારી સમસ્તની સાખ્ય છે.
૧ લેખક શુકમુનિઃ
૧ ખાચર દાદા એભલની સાખ્ય
૧ ઠકર લાધા રામજીની સાખ્ય
૧ ગોપી વિશ્વંભરની સાખ્ય
૧ ભટ્ટ રઘુનાથ ગોપીના દસક્ત છે

।। શુભ ।।